Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સમય મર્યાદા :**

## : પરિપત્ર :

**વિષય : નવી કોલેજો શરૂ કરવા માટે અથવા નવી કે ચાલુ કોલેજો દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો, શરૂ કરેલા ચાલુ અભ્યાસક્રમોમાં ક્રમિક વધારા માટે અને ચાલુ જોડાણો મેળવવા બાબતમાં જોડાણ અરજી મોકલવા બાબત...**

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૬ પ્રતિ ધ્યાન દોરી સવિનય જણાવવાનું કે, જૂન –૨૦૧૮થી નવી કોલેજો શરૂ કરવા માટે અથવા નવી કે ચાલુ કોલેજો દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો, શરૂ કરેલા ચાલુ અભ્યાસક્રમોમાં ક્રમિક વધારા માટે અને ચાલુ જોડાણો તથા એકીકરણ, એડિશનલ ડિવિઝન / કોર્ષ / સબ્જેકટ માટેનું જોડાણ મેળવવા ઈચ્છતા હોય તો જોડાણ મેળવવા માટે **યુનિવર્સિટીએ નકકી કરેલ રૂપિયા ૨૫૦૦/– (પચ્ચીસ સો પુરા)ની કિંમતનું અરજીપત્રક યુનિવર્સિટી કાર્યાલયનાં હિસાબી વિભાગમાંથી મેળવી,** સદરહુ ઓર્ડિનન્સની સંબંધકર્તા પેટા–કલમ અનુસાર **અરજી ફીની રકમ સાથે જોડાણઅરજી સાત નકલમાં ૩૦મી, સપ્ટેમ્બર–૨૦૧૭ સુધીમાં** યુનિવર્સિટીને મળે તે રીતે મોકલવી. ત્યાર બાદ, લેઈટ ફી સાથે અરજી સ્વીકારવા માટે નીચે મુજબ જોગવાઈ છે.

**૧૫મી ઓકટોબર સુધીમાં (તા. ૦૧–૧૦–૨૦૧૭ થી તા. ૧૫–૧૦–૨૦૧૭ સુધી) રૂા. ૩૬,૦૦૦/– લેઈટ ફી**

**૩૦મી ઓકટોબર સુધીમાં (તા. ૧૬–૧૦–૨૦૧૭ થી તા. ૩૦–૧૦–૨૦૧૭ સુધી) રૂા. ૭૨,૦૦૦/– લેઈટ ફી**

**૧૫ મી નવેમ્બર સુધીમાં (તા. ૩૧–૧૦–૨૦૧૭ થી તા. ૧૫–૧૧–૨૦૧૭ સુધી) રૂા. ૧,૪૪,૦૦૦/– લેઈટ ફી**

નિયત તારીખ બાદ આવેલી તથા અધુરી વિગત/ માહિતીવાળી જોડાણઅરજી સ્વીકારવામાં આવશે નહી અને જોડાણ મેળવવા માંગતા નથી તેમ સમજીને રાજય સરકારશ્રીને ભલામણ કરી પ્રવેશો અટકાવવામાં આવશે, જેની નોંધ લેવી.

**(નોંધ : (૧)** શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે નવી કોલેજ / અભ્યાસક્રમ શરૂ કરવા માટે જોડાણઅરજી કરવામાં આવે, ત્યારે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને સંચાલક મંડળના પ્રતિનિધિના સંયુકત નામે રૂા.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પૂરા) છ વર્ષ (૭૨ માસ) માટે ફિકસ ડિપોઝિટની મૂળ રસીદ અને " નમૂનો – ક " મુજબ રૂા.૫૦–૦૦ (અંકે રૂપિયા પચાસ પુરાના સ્ટેમ્પ પેપર પર) " ડીડ ઓફ ડીકલેરેશન યાને એકરારનામું " મૂળ અત્રે જોડાણ અરજી સાથે મોકલી આપવાનું રહેશે. જેથી સરકારશ્રીમાં શરૂ થનાર અભ્યાસક્રમ અંગેની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી માટે દરખાસ્ત મોકલી શકાય. **(૨)** યુજીસીની ગાઈડલાઈન મુજબ **3.1.1.undisputed ownership and possession of land measuring not less than 2 acres if it is located in metropolitan cities, and 5 acres if it is located in other areas;** જોગવાઈ છે. સદર શરતો પૂર્તતા કરી શકે તેવી સંસ્થાઓએ જ જોડાણ અરજી કરવી. )

(નોંધ : જોડાણ અરજી માટેનું અરજી ફોર્મ યુનિવર્સિટી વેબ સાઈટ www.vnsgu.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે.)

ક્રમાંક: એસ–એ(જોડાણઅરજી)(૧૭)/૧૭૮૩૩
તા.૨૮– ૦૮–૨૦૧૭

**ઈ.ચા. કુલસચિવ**

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ ........ તરફ જાણ તથા જરૂરી અમલ થવા સારૂ.

E:\SYN-AFFILIATION\PARIPATRA\PARIPTRA1.doc